## Centre for Promotion of Sanskrit, Indian Ethics and Values

# Certificate Course for Spoken Sanskrit

Re- Accredited
Grade A by NAAC

## From August-2019

# Department of Sanskrit
## Saurashtra University
## Rajkot-360005 (Gujarat)

**website.** www.sanskritsauuni.org

# અનુક્રમણિકા

---


૦૧. પ્રસ્તાવના

૦૨. કોર્સનું નામ

૦૩. ઉદ્દેશ્ય

૦૪. કોર્સનો સમયગાળો અને કોર્સની વિશેષતા

૦૫. પ્રવેશ સંખ્યા / પાત્રતા/ પ્રવેશ પ્રક્રિયા / ફીનું ધોરણ

૦૬. અભ્યાસક્રમ, હાજરી, પરીક્ષા, મૂલ્યાંકન, સફળતાનું ધોરણ અને પરીણામ

૦૭. શૈક્ષણિક સ્ટાફ અને લાયકાત

૦૮. સંદર્ભ ગ્રંથ

# Centre for Promotion of Sanskrit, Indian Ethics and Values

**(૦૧) પ્રસ્તાવના :**

ભારત જ્ઞાન, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમાં વિશ્વનું માર્ગદર્શન કરતું હતું. આજના યુગમાં ભારતીય જ્ઞાનની બાબતમાં કુતૂહલ નિર્માણ થયું છે. પણ ભારતીય જ્ઞાન સંસ્કૃતમાં હોવાના કારણે જો સંસ્કૃત શિક્ષણ મળે તો વિભિન્ન આધુનિક જ્ઞાનશાખાના વિદ્યાર્થીઓ તે તે શાખા સંબંધિત સંસ્કૃત ગ્રન્થોનું પરિશીલન સ્વયં કરી શકે, અને નૂતન પુરાતનના અનોખા સંગમથી કંઈક નવું સર્જન કરી શકે.

સંસ્કૃત સરળ ભાષા છે. ગયા કેટલાક વર્ષોના સંસ્કૃત શિક્ષણ પદ્ધતિ ઉપરના અનુસંધાનથી એવી રોચક પદ્ધતિઓ અને પાઠન સામગ્રીઓ વિકસિત થઈ છે, કે જેનાથી સંસ્કૃત શીખવા માટે હવે રૂપ અને શ્લોકો ગોખવાની કોઈ જરૂરત રહી નથી. કોઈ પણ વ્યક્તિ થોડા જ પ્રયાસથી સંસ્કૃત શીખી શકે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પોતાની યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓ અને નાગરિકોને સંસ્કૃત શિક્ષણ દ્વારા ભારતીય જ્ઞાનથી અવગત કરાવવા તત્પર છે. આ માટે યુનિવર્સિટી અનેક યોજનાઓ તૈયાર કરી રહી છે. આવી જ એક યોજના નીચે મુજબ છે.

**(૦૨) કોર્સનું નામ :** **Certificate Course for Spoken Sanskrit (CSS)**

**(૦૩) ઉદ્દેશ્ય :**(૧) વિદ્યાર્થીઓમાં સરલ સંસ્કૃતને સમજવાની ક્ષમતા નિર્માણ કરવી.
(૨) શાસ્ત્રીય સંસ્કૃતને સમજવાની મધ્યમસ્તરીય ક્ષમતા નિર્માણ કરવી.
(૩) સરળ સંસ્કૃતમાં અભિવ્યક્તિની ક્ષમતા નિર્માણ કરવી.
(૪) જનસમાજના મુખ સુધી સંસ્કૃત ભાષાને પહોંચાડવી.

**(૦૪) કોર્સની સમયાવધિ અને વિશેષતા :**

**૪ : ૧ કોર્સની સમયાવધિ :** કોર્સ છ મહિનાનો, સપ્તાહમાં બે દિવસ અને કુલ ૭૨ કલાક

**૪ : ૨ કોર્સની વિશેષતા :**
(૧) આ કોર્સ યુનિવર્સિટીના પરિસરમાં ચાલશે.
(૨) વિવિધ સામગ્રીનો ઉપયોગ કરી સંસ્કૃત માધ્યમથી જ સંસ્કૃત શિખવવામાં આવશે.
(૩) આ કોર્સમાં પ્રવેશ લેવા માટે સંસ્કૃત ભાષાના કોઈ પૂર્વજ્ઞાનની જરૂર ન હોય.
(૪) સંસ્કૃત ઉચ્ચારણની વિશેષતાઓને જાણી શકાય.
(૫) હસતા–રમતા ધારાપ્રવાહે સંસ્કૃત બોલતાં શીખી શકાય.
(૬) ગોખણપટ્ટી કર્યા વગર સંસ્કૃત શીખી શકાય.
(૭) કોર્સમાં પ્રવેશ માટે ઉંમરનો કોઈ બાધ નથી.

**(૦૫) પ્રવેશ સંખ્યા / પાત્રતા/ પ્રવેશ પ્રક્રિયા / ફીનું ધોરણ :**

**૫ : ૧ પ્રવેશ સંખ્યા :** એક પ્રમાણપત્રીય વર્ગમાં ૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
**૫ : ૨ પ્રવેશ પાત્રતા :** ધોરણ –૧૦ પરીક્ષા પાસ
**૫ : ૪ પ્રવેશ પ્રક્રિયા :** કોર્સનો પ્રારંભ પ્રતિવર્ષ જુલાઈ અને જાન્યુઆરીમાં અનુસ્નાતક સંસ્કૃત ભવનની વેબ–સાઈટ પર કરવામાં આવશે. ધોરણ ૧૦ની ટકાવારીના આધારે મેરીટ અનુસાર તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિયમ અનુસાર પ્રવેશ આપવામાં આવશે.
**૫ : ૫ પ્રવેશનું ફી ધોરણ :** વિદ્યાર્થીઓ અને બહેનો માટે ૩૦૦/– અન્ય માટે ૫૦૦/–

**(૦૬) અભ્યાસક્રમ, હાજરી, પરીક્ષા, મૂલ્યાંકન, માધ્યમ, સફળતાનું ધોરણ અને પરીણામ :**

૬ : ૧ **અભ્યાસક્રમ :** સંસ્કૃતભારતી દ્વારા પ્રકાશિત : ભાષાપ્રવેશ પ્રથમ ભાગ.

૬ : ૨ **હાજરી :** આ પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી ૮૦% હાજરી ફરજિયાત છે.

૬ : ૩ **પરીક્ષા :** સેન્ટર દ્વારા ૮૦% હાજરી ધરાવતા વિદ્યાર્થીઓને મૌખિક ૫૦ ગુણની અને લેખિત ૫૦ ગુણની પરીક્ષા લેવામાં આવશે.

૬ : ૪ **મૂલ્યાંકન :** વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સેન્ટર દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા કરવામાં આવશે. વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કેન્દ્રમાં અધ્યાપન કરાવતા શિક્ષકો દ્વારા થશે.

૬ : ૫ **માધ્યમ :** આ પ્રમાણપત્રીય અભ્યાસક્રમનું માધ્યમ સંસ્કૃત રહેશે.

૬ : ૬ **અધ્યાપનની પદ્ધતિ :**

| ક્રિયાકલાપ | હેતુ | સમય |
|---|---|---|
| પ્રેરક સંસ્કૃત ગીત | – વાતાવરણ નિર્મિતિ<br>– ઉચ્ચારણ અભ્યાસ | ૫ મિનિટ |
| પાઠ્ય સામગ્રી દ્વારા સંભાષણનું શિક્ષણ | સંસ્કૃતમાં અભિવ્યક્તિ ક્ષમતાનો વિકાસ | ૫૫ મિનિટ |
| પાઠ્ય પુસ્તકમાંથી અભ્યાસ | – શીખેલા પાઠ્યાંશોનું દઢીકરણ<br>– લેખન કૌશલ વિકાસ | ૩૦ મિનિટ |
| કથા/સુભાષિત/ સંસ્કૃતમાં ક્રીડા/ ચર્ચા/ પ્રોજેક્ટ ઉપર પ્રદર્શન | – શ્રવણ અભ્યાસ<br>– શબ્દભંડદોળમાં વધારો | ૨૫ મિનિટ |
| ગૃહકાર્ય અને અન્ય સૂચનાઓ | | ૩ મિનિટ |
| પ્રાર્થના | | ૨ મિનિટ |
| કુલ સમય | | ૨ કલાક |

૬ : ૭ **સફળતાનું ધોરણ અને પરિણામ :**

(૧) સેન્ટર દ્વારા લેવામાં આવનાર પરીક્ષામાં ૩૬% ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને કુલસચિવશ્રી અને સેન્ટર કો–ઓર્ડિનેટરશ્રીના સહીથી પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૦૭) **શૈક્ષણિક સ્ટાફ અને લાયકાત :**

સંસ્કૃતમાં આચાર્ય/ એમ.એ. સંસ્કૃત અને રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન નવી દિલ્હી દ્વારા આપવામાં આવતું પ્રથમદીક્ષા પ્રમાણપત્ર અથવા સંસ્કૃતભારતી નવી દિલ્હી દ્વારા સંચાલિત સંવાદશાલામાં સંસ્કૃત સંભાષણ શિક્ષક–પ્રશિક્ષણ પ્રમાણપત્ર ધરાવતા અથવા સંસ્કૃત ભારતી દ્વારા સંભાષણ શિક્ષક–પ્રશિક્ષણ પ્રાપ્ત તથા સંસ્કૃતમાં અભિવ્યક્તિ કૌશલ્ય ધરાવનાર, સંસ્કૃત માધ્યમથી સંસ્કૃત પાઠન કરાવી શકનાર અધ્યાપન કાર્ય કરાવી શકશે. આ અધ્યાપકોને સેન્ટર કો–ઓર્ડિનેટર અધ્યાપન માટે નિમંત્રણ આપશે.

(૦૮) **સંદર્ભ ગ્રંથ :**

(૧) ભાષાપ્રવેશ : પ્રથમ ભાગ, સમ્પા. ડૉ. ચાંદકિરણ સલૂજા, ડૉ. વિશ્વાસ, સુધીષ્ટકુમાર મિશ્રઃ, ગિરીશચંદ્ર તિવારી, એમ.વી.મોહન, સંસ્કૃત ભારતી, ૨૫, દીનદયાલ ઉપાધ્યાય માર્ગ, રાઉસ એવન્યૂ, તિલક બ્રિજ રેલ્વે સ્ટેશન પાસે, સંસ્કરણ–૨૦૧૭, કિંમત–૧૩૦/–નવી દિલ્હી–૧૧૦૦૦૨

(૨) સંસ્કૃત ગીતમંજરી, 'પાણિનીયમ્' ૧૫, કલ્યાણબાગ, કાંકરિયા ટેલિફોન એકચેન્જ પાસે, કાંકરિયા, અમદાવાદ–૩૮૦૦૨૮, સંસ્કૃત–૨૦૦૦, કિંમત :૩૦/–

(૩) સંસ્કૃત વ્યવહાર શાસ્ત્રી, સંસ્કૃતભારતી, ૨૫, દીનદયાલ ઉપાધ્યાય માર્ગ, રાઉસ એવન્યૂ, તિલક બ્રિજ રેલ્વે સ્ટેશન પાસે, સંસ્કરણ–૨૦૧૫, કિંમત–૨૦/–નવી દિલ્હી–૧૧૦૦૦૨